

એક તરફ વરસાદ દૂર દૂર સુધી દેખાતો નથી. પાણીનો પ્રશ્ન ચિંતા સતાવે છે તે સ્વાભાવિક છે. ત્યારે સ્વાગત રેઈન ફોરેસ્ટની સામે પાણીનો મોટાપાયે વ્યય છેલ્લા ઘણા મહિનાઓથી થઈ રહ્યો છે. ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. પાણીજન્ય રોગો વકરવાની વકી નકારી ન શકાય. નવા ગાંધીનગર ગણાતા આ વિસ્તારમાં સત્ય અને સમજુ કહેવાતા લોકો અવર-જવર કરે છે, જુએ છે, હાંશકારો ય નીકળે છે પણ પછી શું ? સત્તાધારીઓને પણ કુદરતની આ અમુલ્ય દેનને વેડફાતી જોઈ પેટનું પાણી હાલતુ નથી. નવા નવા નિયમો બનાવી સમસ્યાઓના નિકાલ કરવાની ખોટી વાતો કરનારાઓ હવે તો જાગો...! (તસવીર : કશ્યપ નીમાવત)

# સેકટર-૧માં દબાણના મામલે ફરિયાદનો ઉકેલ નથી આવતો

## કોમન પ્લોટમાં કરાયેલ દબાણથી રહિશો અકળાયા : કોમન પ્લોટ બન્યો ગીરનું જંગલ : સરી સૃપોનું નિવાસસ્થાન સે-૧ કોમન પ્લોટ : લેખિત રજૂઆત કરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના અતિપોશ ગણાતા સેકટર-૧માં ખુલ્લા કોમન પ્લોટમાં ગંદકી અને દબાણથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પ્લોટ નં. ૧૩૬-૧૩૭ પાસે પ્લોટમાં ઉગી નિકળેલ જંગલી વનસ્પતિથી જંગલ જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. વિસ્તાર ગોકુલ મથુરા જેવો હોય છે. કોઈ દિવસ ખાડા કે ગંદકી જોવા મળતી નથી પરંતુ સે-૧-બીમાં અપવાદ રૂપે આવો કેસ સામે આવ્યો છે. જે ખરેખર વિચારવા મજબૂર કરે છે.

સેકટર-૧-બી ખાતે મોટા ભાગના વર્ગ-૧ના અધિકારીઓ, મંત્રીઓ, પૂર્વ મંત્રીઓના નિવાસસ્થાન સમય નથી તેથી અહીંના રહીશોએ ગાંધીનગર મામલતદારને લેખિત રજુઆત કરી છે.

આખો દેશ સ્વચ્છતા અભિયાનના રંગે રંગાયો છે છતાં તંત્રના બહેરા કાને અવાજ સંભળાતો નથી. રહીશોએ જણાવ્યું છે કે કોમન પ્લોટની બાજુમાં કોઈ વ્યકિતએ તારની વાડ કરી દબાણ ઉભું કરી દીધું છે તેમજ ઝાડી ઝાંખરા ઉગી નીકળવાના કારણે જંગલી જીવજંતુઓનું નિવાસ સ્થાન બની ગયું છે.

ચોમાસાની ઋતુમાં આમ પણ વનસ્પતિ ઉગી નીકળતી હોય છે ત્યારે મામલતદાર દબાણ આ આજુ આવવાની તસ્દી લઈ કોમન પ્લોટમાં થયેલું દબાણ દુર કરે તેવી આશા વ્યકત કરવામાં આવી છે. જો ગંદકી દુર કરવામાં નહિ આવે તો રોગચાળો ફાટી નીકળશે.



રહીશો દ્વારા મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં અધિકારીઓ મંત્રીઓના વિસ્તારની આજુબાજુનો આવેલ છે ત્યારે સે-૧-બી પ્લોટ નં. ૧૩૬ પાસેના કોમન પ્લોટમાં સફાઈ કરવા અનેક વખત રજૂઆત કરવા છતાં તંત્ર પાસે ગંદકી દુર કરવાનો

# કરોડોની પેઢીગત જમીન બહેનની મંજુરી વિના જ વેચી મારી..!

## ભાઈ-ભત્રીજાઓ સહિત આઠ સામે ગુનો દાખલ : આઠેયની ધરપકડ : અડાલજ વિસ્તારની જમીન હતી

ગાંધીનગર, તા.૯

અડાલજ વિસ્તારમાં આવેલી કરડોની કિંમતની પેઢીગત જમીને ભાઈ ભત્રીજાઓએ બહેનની મંજુરી લીધા વિના જ વેચી દીધી હોવાની ઘટના બહાર આવવા પામી છે. બહેનની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ભાઈ ભત્રીજાઓ સહિત આઠ સામે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. જે આરોપીએ પૈકી તમામ આઠેય ની ધરપકડ પોલીસે કરી લીધી છે. તો બીજી તરફ આરોપીઓના જામીન ના મંજુર થતા તમામને સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવાયા છે.

અડાલજ પોલિસ મથકમાં દેવીકાબેન રાવજીભાઈ પટેલે તેમની સાથે થયેલી છેતરપીંડી અંગે ફરિયાદ નોંધવી હતી. પેઢીગત કરોડોની જમીનને તેમના ભાઈ ભત્રીજાઓએ મળીને દેવીકાબેનનો જમીનમાં હિસ્સો હોવા છતાં મંજુરી લીધા વિના બારોબાર જમીનનો સોદો કરી નાંખ્યો હતો જે અંગે દેવીકાબેનના ભાઈઓ પંકજ રાવજીભાઈ પટેલ, સુરેશ રાવજીભાઈ પટેલ, ભત્રીજો કૃણાલ હરીભાઈ પટેલ, ભાભી સુમિત્રાબેન પટેલ તથા તેમની ચાર દિકરીઓ વાવોલ શાંતિવન ખાતે રહેતી પ્રજ્ઞા હરીભાઈ પટેલ, સેજલ હીરભાઈ પટેલ, મનીષા હરિભાઈ પટેલ અને પીન્ટુબેન હરીભાઈ પટેલ મળી આઠ સામે ગુનો દાખલ થયો હતો. અડાલજ પોલસે આઠેયની ધરપકડ કરી લીધી છે. આઠેયને કોર્ટમાં રજુ કરતાં જામીન નામંજુર થતા સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવાયા છે.

# ખેતરમાં કરંટ લાગતા ડભોડાના આધેડનું મૃત્યુ

## પાણીની મોટર ચાલુ કરવા સ્વીચ પાડી ને સ્વીચ સાથે જ આધેડ ચોંટી ગયો...!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ડભોડા ગામમાં રહેતા ૪૫ વર્ષીય આધેડ આજે વહેલી સવારે પોતાના ખેતરમાં મોટર ચાલુ કરવા જતા હતાં ત્યારે વિજ કરંટ લાગતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવીને તપાસ શરુ કરી છે.

ડભોડા રેલવે સ્ટેશન નજીક સ્થિત ખેતરમાં આજે વહેલી સવારે ૪૫ વર્ષીય નરેશભાઈ રમણભાઈ પટેલ પોતાના ખેતરમાં હતાં. પાણીની મોટર ચાલુ કરવા નરેશભાઈ સ્વીચ પાડવા ગયા ત્યારે અચાનક સ્વીચમાંથી કરંટ લાગતા કરંટથી ચોંટી ગયા હતા. શરીરે ગંભીર રીતે દાઝી જવાથી બનાવ સ્થળે જ નરેશભાઈનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘટનાની જાણ ડભોડાના લલીતભાઈ જશુભાઈ પટેલે ડભોડા પોલીસને કરતાં હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરુ કરી છે.

# અન્ય કર્મચારીઓને અપાયેલ આઈએએસ અધિકારી જેવા હોદ્દાના નામાભિધાન બદલવા સૂચન

ગાંધીનગર, તા. ૯

ભારતીય સનદી સેવાના અધિકારીઓ દેશની તમામ રાજ્ય સરકારમાં કાર્યરત છે જેમાં ગુજરાત સરકારમાં કાર્યરત આઈએએસ અધિકારીના હોદ્દાને ઝાંખપ લાગે તેવા નામાભિધાન કરાયેલા છે. આ નામાભિધાન બદલી નવા નામ નિવૃત્ત મદદનીશ નિયામક વિરાભાઈ પટેલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખી સૂચવ્યા છે.

રાજ્ય સરકારમાં સચિવ, અગ્ર સચિવ, અધિક મુખ્ય સચિવ કે ખાતાના વડાઓ જેવા કે નિયામક, કમિશનર વગેરેના કાર્યાલયમાં કાર્યરત સ્ટેનોગ્રાફર કર્મચારીઓને ગ્રેડ મુજબ અગ્ર રહસ્ય સચિવ કે રહસ્ય સચિવના બદલે અંગત મદદનીશ કક્ષા-૧, અંગત મદદનીશ કક્ષા-૨ અથવા અંગત મદદનીશ કક્ષા-૩નું નામાભિધાન કરવુ જોઈએ. હજ સમિતિના કોઈપણ હોદ્દો ધરાવતા અધિકારીને સચિવનો હોદ્દો અપાય છે તેના સ્થાને 'ખાસ ફરજ પરના અધિકારી'નું નામાભિધાન કરવું જોઈએ. યુવક અને સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાં લલિત કલા અકાદમીમાં કામ કરતા વર્ગ-૨ના અધિકારીને સચિવના બદલે મદદનીશ નિયામક અને માહિતી કમિશનર કચેરીમાં વર્ગ-૨ના અધિકારીને 'સહાયક માહિતી નિયામક'નો હોદ્દો આપવામાં આવવો જોઈએ. આ ઉપરાંત કેબીનેટ મંત્રી, રાજ્યકાના મંત્રી તેમજ ત્રીજા સ્તરે ધારાસભ્યોની સંસદીય સચિવ તરીકે નિમણૂંક કરાય છે તે નામમાં ફેરફાર કરી નાયબ મંત્રીનો હોદ્દો આપવો જોઈએ.

# ચિલોડા દૂધ મંડળીના ચેરમેન વાઈસ ચેરમેનની વરણી કરાઈ

ચિલોડા, તા. ૯

ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી





મંડળી લી.માં તાજેતરમાં યોજાયેલા વ્યવસ્થાપન કમિટીના ચૂંટણી જંગમાં કિરીટભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ, શામળભાઈ પટેલ, ઉમેશજી ઠાકોર, રમણભાઈ રાવલ, જેસીંગભાઈ પટેલ વગેરે વિજયી બન્યા હતા. આજે મંડળીના હોલમાં રણછોડભાઈ જીવાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ૫ વિરૂદ્ધ ૪ મતે શામળભાઈ રામદાસ પટેલ મંડળીના ચેરમેનપદે ચૂંટાયા હતા. આ સાથે કમિટીના સભ્ય રમણભાઈ આશારામ રાવલની વાઈસ ચેરમેનપદે વરણી કરવામાં આવી હતી. ચેરમેનપદે શામળભાઈ પટેલ ચૂંટાવા બદલ અભિનંદન આપ્યા હતા.

## શૈક્ષણિક પુરસ્કાર મેળવ્યો

સ્વ. બાબુભાઈ મફતલાલ પટેલ (પૂર્વ સારસ્વત ના.મ. નૂતન સર્વ વિદ્યાલય વિસનગરની સ્મૃતિમાં ગં. સ્વ. માતૃશ્રી પાર્વતીબેન બી. પટેલ દ્વારા શૈક્ષણિક એવોર્ડ રૂપે રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૫માં લેવાયેલ ધો-૧૦ પરીક્ષામાં શેઠ સી.એમ. હાઈસ્કુલના બે વિદ્યાર્થી લખન એચ. ઠકકર અને હિરેનસિંહ એન. વાઘેલા જિલ્લામાં પ્રથમ પાંચમા સ્થાન પામતા રૂ. દસ-દસ હજાર રોકડ પુસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.



ઈન્ફોસીટીના મુખ્ય દરવાજા બહાર દિવસભર 'દુષ્કાળમાંથી રાહત' માટે ફાળો ઉઘરાવતી બહેનો જોવા મળી હતી. આવતા-જતા વાહન ચાલકોને ઉભા રાખી રાજસ્થાનના દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાંથી 'ભીખ' માંગવા આવીએ છીએ તેવું કહી પૈસા ખંખેરવાનો કિમીયો ચાલુ કર્યો છે. તેમના વિશે પરિવાર વિશે વધુ પુછપરછ કરતાં ગેગે ફેફે થઈ ગઈ હતી. શહેરીજનોને આવા વ્યક્તિઓથી થોડા સાવધાન રહેવાની જરૂર છે.

# ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે જાણીતા સાહિત્યકાર ધૂની માંડલિયા

ગાંધીનગર, તા.૯

દર મહિનાના બીજા રવિવારે છેલ્લા ૧૮ વર્ષથી અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે આ વખતે પ્રમુખ ભરત કવિના આમંત્રણને માન આપી જાણીતા ગઝલકાર-સાહિત્યકાર ધૂની માંડલિયા એમની ગઝલોનો રસાસ્વાદ કરાવશે.

રવિવાર દિનાંક ૧૨ જુલાઈ, સાંજે સાચા પાંચ વાગે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે આયોજીત આ મહેફિલમાં પધારવા સૌ સાહિત્યપ્રેમીઓને મંત્રી સંજય થોરાતે આગ્રહભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## ગાંધી મિત્ર વર્તુળના ઉપક્રમે વાર્તાલાપ

ગાંધીમિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા જીઈબી સંકુલમાં આવેલ સ્વામી યોગાનંદ હાઈસ્કૂલમાં તારીખ ૧૧-૭-૨૦૧૫ને શનિવારે સવારે ૭.૩૦ કલાકે સંસ્થાના સંવાહક અને જાણીતા સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી 'ગાંધી જીવન દર્શન' વિષયે વાર્તાલાપ આપશે તેમજ ગાંધીજીની આત્મકથા શાળાના તમામ વિદ્યાર્થીને ભેટ આપવામાં આવશે.

## દંઢાવ્ય વિદ્યોત્તેજક મંડળ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૯

દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદીચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળની સભા ગત તા. ૫ જુલાઈના રોજ યોજાઈ હતી. જેમાં ચાલુ વર્ષે ધો-૧૦, ૧૨ના તેજસ્વી તારલાઓને ઈનામ-શિષ્યવૃત્તિ આપજાનું નક્કી કરવામાં આવ્યું હતું.

માર્ચ એપ્રિલ ૨૦૧૫માં પાસ થયેલ ધો-૧૦થી આગળ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તા. ૧-૧૦-૧૫ સુધીમાં ફોર્મ ભરી શિષ્યવૃત્તિના ફોર્મ કાર્યાલયેથી તેમજ કા. સભ્યો પાસેથી ફોર્મ મેળવી સ્પષ્ટ માહિતી ભરી ફોર્મ સાથે વાર્ષિક પરીક્ષાની પ્રમાણિત નકલ તથા બોનાફાઈડ સર્ટી. સાથે સામેલ કરી કાર્યાલયે મોકલવાનું રહેશે.






**ચૌધરી મહિલા કોલેજનો શુભારંભ**

સેક્ટર-૭માં આવેલ ચૌધરી સંકુલ ખાતે કોમર્સ મહિલા કોલેજનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ચૌધરી સંકુલ સ્થિત જોઈતીબા વિદ્યાસંકુલમાં કોમર્સ કોલેજનું ઉદ્‌ઘાટન ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. એચ.સી. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટર-૭ ચૌધરી કોલેજ કેમ્પસમાં કોમર્સ મહિલા કોલેજ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે રજીસ્ટ્રાર પટેલે જણાવ્યું હતું કે ઈન્ડિયન કરન્સીની મહત્તા વધે અને વાણિજ્ય વ્યવહાર પારદર્શક બને તે માટે નવી પેઢીએ કોમર્સ લાઈન અપનાવી પડશે. આ પ્રસંગે મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, જેસંગભાઈ ચૌધરી, એસ.આર. ચૌધરી, એમ.કે. ચૌધરી સહિત કોલેજના અધ્યાપકો, વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અગ્રણીઓની ઉપસ્થિતિમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ એન.એસ.એસ. યુનિટ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જેનું સંચાલન બી.પી. રાવે કર્યુ હતુ. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૧
સૂર્યાસ્ત : ૭.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦
આઈ લવ એન.વાય : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૨.૩૦
આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

**સ્ક્રીન-૪ :**
આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
ગુડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**
દિલ દે કે દેખો : ૧૦.૦૦
તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦
એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦
બાહુબલી : ૬.૪૫

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
૩ડી મીનીયન (અંગ્રેજી) : ૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦
એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦
જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫
પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

**સ્ક્રીન-૪ :**
જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫
આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦
એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦
હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

● સ્વ. લક્ષ્મીબેન નંદરાજ જોશી (ઉ.વ.૪૮) પ્લોટ નં. ૩૮૮/૨, સેકટર-૩બી, ગાંધીનગર